GUJMIN INDUSTRY ASSOCIATION
2nd Floor, Marble & Mineral Chambers, B/h. D. K. House,
Mithakhali, Ahmedabad - 380 006. (Gujarat) • Tel.Fax : 079 - 26427047
E-mail: gujmin@gmail.com • Web : www.gujaratmineral.org
ESTD. 1962

નં.ગુજમીન/ડી.એમ.એફ/ કચ્છ/૨૦૨૪/૫૩ તા. ૨૯-૦૬-૨૦૨૪

પ્રતિ

ભૂસ્તરશાસ્ત્રીશ્રી,

ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ,

જિલ્લા સેવાસદન-૧. સી-બ્લોક-પહેલોમાળ

ભુજ (કચ્છ)

**વિષય: ડી.એમ.એફ. ની રકમ ઓનલાઇન પોર્ટલ પર સરભર કરવા બાબત.**

અનુ: કચ્છ માઈન્સ મિનરલ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન,માંડવી-કચ્છ ની તા.૧૪.૦૬.૨૦૨૪ ની રજૂઆત

સાહેબશ્રી,

જય ભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે વિનંતી સાથે જણાવવાનું કે ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશન, ખનિજ ઉદ્યોગનું સને ૧૯૬૨ થી ખનિજોના લીઝ ધારકોનું પ્રતિનિધિત્વ ધરાવતુ રાજ્ય સ્તરનું સરકાર માન્ય એસોસિએશન છે. આ ઉદ્યોગ સાથે સંકળાયેલા અમારા સભ્યો તરફથી અમોને માઇનિંગ ઉદ્યોગના વિવિધ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવે છે જે અન્વયે રાજ્ય સરકારશ્રીને તેના વ્યાવહારિક નિરાકરણ માટે અમારા અનુભવી હોદેદારો દ્વારા તૈયાર કરી સુચનો સરકારશ્રીમાં રજૂ કરવામાં આવે છે. જે અન્વયે અમારા એસોસિએશના સભ્ય કચ્છ-માઈન્સ મિનરલ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, માંડવી દ્વારા તેમના પત્ર તા.14-૦૬-૨૦૨૪ થી ડી.એમ.એફ. ની રકમ ઓનલાઇન પોર્ટલ પર સરભર કરવા બાબતે કરેલ રજૂઆત ની નકલ આ સાથે સામેલ રાખેલ છે જે રજૂઆત અન્વયે કચ્છ જીલ્લા ચાયનકલે ખનીજો હિસાબ સરભરકરવામાં આવેલ છે. પરંતુ બેન્ટોનાઈટ ખનિજ માટે હિસાબ પડતર છે જેથી બેન્ટોનાઈટ ખનિજો(ના) લીઝ ધારકોના ખાતામાં ડી.એમ.એફ. ની રકમ હજુ સુધી જમા આપવામાં આવેલ નથી.

ઉપરોક્ત રજૂઆત ને ધ્યાને લઈ કચ્છ જીલ્લા બેન્ટોનાઈટ ખનિજના લીઝધારકોના ખાતામાં ડી.એમ.એફ.ની રકમ જમા આપવા ઘટતું થવા નમ્ર વિનતી છે.

આપનો વિશ્વાસુ,

ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશન વતી.

જય.જી.શાહ

ઉપપ્રમુખ

બિડાણ: ઉપર મુજબ

# કચ્છ માઈન્સ-મિનરલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન

ઓફિસ : પોર્ટ ગેટની બાજુમાં, બંદર રોડ, માંડવી – કચ્છ. ૩૭૦ ૪૬૫
ફોન નં. (૦૨૮૩૪) ૨૨૪૨૦૦, ફેકસ : (૦૨૮૩૪) ૨૨૩૨૨૯, મો. ૯૮૨૫૨ ૩૫૭૨૯, ૯૮૨૫૨ ૩૫૫૨૩
Emai ID : kmiassociation@gmail.com


રેફ નં.

તા. ૧૪-૦૬-૨૦૨૪

પ્રતિ,
શ્રી કમિશ્નર સાહેબ,
ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતું,
ગાંધીનગર.

વિષય:-ડી.એમ.એફની રકમ ઓનલાઇન પોર્ટલ પર સરભર કરવા બાબત...

સંદર્ભ:- (૧) આપશ્રીની કચેરીના પત્ર નં. સીજીએમ/લીઝ/પોલીસી/૨૧૧/૨૯૭૬, તા.:- ૦૪-૧૦-૨૦૧૬.
(૨) ઉધોગ અને ખાણ વિભાગના પરિપત્ર તા.:- ૨૬-૦૯-૨૦૧૬.
(૩) આપશ્રીની કચેરીના પરિપત્ર નં. સીજીએમ/આઈટી/SBI-E-Pay/૨૦૨૦-૨૧/૧૪૨, તા.:- ૩૦-૧૨-૨૦૨૦.

માનનીય સાહેબ,

જયભારત સાથે જણાવવાનું કેઆપશ્રીની કચેરીના ઉપરોક્ત સંદર્ભ (૧) માં દર્શાવિલ પત્ર મુજબ ગૌણ ખનીજો માટે તા.:- ૦૧-૦૪-૨૦૧૬ થી "ગુજરાત ડિસ્ટ્રીકટ મિનરલ ફાઉન્ડેશન નિયમો-૨૦૧૬" થીપ્રસિધ્ધ કરવામાં આવેલ છે જેમાં જણાવેલ છે કે તા.:- ૧૨-૦૧-૨૦૧૫ થી અમલવારી કરવાની છે પરંતુ સદર નિયમો તા.:- ૦૧-૦૪-૨૦૧૬ થીપ્રસિધ્ધ થયેલ હોઈ તેની અમલવારી તા.:- ૦૧-૦૪-૨૦૧૬ થીકરવામાં આવેલ છે. જેની કડકાઈથી અમલવારી જીલ્લા કચેરી દ્વારા કરવામાં આવી અને તમામ લીઝ ધારકોએ રકમ ભરપાઇ કરવાનું શરૂ પણ કરેલ.આ સમય દરમ્યાન તા.:- ૨૬-૦૯-૨૦૧૬ થી ઉધોગ અને ખાણ વિભાગ દ્વારા પરિપત્ર બહાર પાડવામાં આવ્યો અને તા.:- ૨૬-૦૯-૨૦૧૬ થીડી.એમ.એફફંડ જમા કરવાનો આદેશ આપવામાં આવ્યો. ત્યારબાદ ઉપરોક્ત સંદર્ભ (૩) માં દર્શાવિલ પરિપત્ર મુજબ તા.૦૧/૦૧/૨૦૨૧થી ખનીજના જથ્થા ઉપર ભરવાપાત્ર ડી.એમ.એફફંડની રકમ રોયલ્ટીની સાથો સાથ ILMS પોર્ટલ ઉપરઓનલાઇન કપાત કરવાની પધ્ધતિ અમલમાં મૂકવામાં આવીઅને આ પરિપત્ર મુજબ અગાઉ ભરપાઇ કરેલ ડી.એમ.એફનો હિસાબ જે તે જીલ્લા કચેરીએ થી કરવાનો રહેશે. આપશ્રીને જણાવવાનું કે અન્ય જીલ્લાઓમાં હિસાબ થઇ ગયેલ છે અને ડી.એમ.એફ. ની રકમ સરભર પણ કરવામાં આવેલ છે,કચ્છ જીલ્લામાં પણ ખનીજ ચાઈના કલે નો હિસાબ સરભર કરવામાં આવેલ છે, પરંતુ ખનીજ બેન્ટોનાઇટ માટે હિસાબ પડતર છે.

આપશ્રીને વિગત વાર જણાવીએ તો તા.:- ૦૧-૦૧-૨૦૨૧ થી રોયલ્ટી, સરફેસ રેન્ટ, ડેડરેન્ટ, ડી.એમ.એફ. ની રકમ ILMS પોર્ટલ ઉપર ઓનલાઇન રોયલ્ટી ભરપાઇ કરવાની પ્રથા અમલ માં મૂકવામાં આવી અને આ અગાઉ એટલે કે તા.:- ૩૧-૧૨-૨૦૨૦ સુધીની જમા રહેલ માત્ર રોયલ્ટીની રકમ ILMS પોર્ટલ ઉપર જમા આપવામાં આવી. પરંતુ ડી.એમ.એફફંડની જમા રકમ ILMS પોર્ટલ ઉપર જમા આપવામાં આવી નહી કારણ કે ડી.એમ.એફ. ની રકમ દરેક જીલ્લાની ડી.એમ.એફ કચેરી ખાતે મેન્યુઅલી નિભાવવામાં આવતી હતી. આથી ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કમિશ્નરશ્રીની કચેરીના તા.:- ૩૦-૧૨-૨૦૨૦ વાળા પરિપત્ર મુજબ તા.:- ૦૧-૦૧-૨૦૨૧ થી તમામ રકમ ઓનલાઇન ભરવાની સૂચના બહાર પાડવામાં આવી જેમાં જણાવવામાં આવેલ છે કે આ અગાઉ ભરપાઇ કરેલ અને જમા રહેલ ડી.એમ.એફફંડની રકમ ડી.એમ.એફ કચેરીથી મેળવણા કર્યા બાદ જમા આપવામાં આવશે. આમ રોયલ્ટીની રકમ જમા આપવામાં આવી પરંતુ ડી.એમ.એફ. ની રકમ જમા આપવામાં આવી નહી અને રોયલ્ટીની જમા રકમ ઉપર ડી.એમ.એફ. ની રકમભરપાઇ કરવામાં આવે તો જ રોયલ્ટી પાસ જનરેટ કરવાની પધ્ધતિ અમલમાં મૂકવામાં આવેલ હોવાથી,તમામ લીઝ ધારક શ્રીઓએ ફરીથી ડી.એમ.એફ. ની રકમ ભરપાઇ કરેલ છે. અગાઉ ભરપાઇડી.એમ.એફ. ની રકમ ની ડી.એમ.એફ. ની જીલ્લા કચેરી દ્વારા હજુ સુધી મેળવણા કરવામાં આવેલ ન હોવાથી જમા આપવામાં આવેલ નથી.

# કચ્છ માઈન્સ-મિનરલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન

ઓફિસ : પોર્ટ ગેટની બાજુમાં, બંદર રોડ, માંડવી – કચ્છ. ૩૭૦ ૪૬૫
ફોન નં. (૦૨૮૩૪) ૨૨૪૨૦૦, ફેકસ : (૦૨૮૩૪) ૨૨૩૨૨૯, મો. ૯૮૨૫૨ ૩૫૭૨૯, ૯૮૨૫૨ ૩૫૫૨૩
Emai ID : kmiassociation@gmail.com


રેફ નં.

તા.

આથી આ અંગે આપશ્રીનું ધ્યાન દોરવાની રજા લઈએ કે,ખનીજ બેન્ટોનાઇટ ના લીઝ ધારકોના ખાતામાં હજુ સુધી ડી.એમ્.એફ. ની રકમ જમા આપવામાં આવેલ નથી. આ અંગે કોઇ નિરાકરણ થયેલ ન હોવાથી યોગ્ય નિર્ણય લેવામાં આવે એવી અમારા એસોસીએશન ના તમામ સભ્યોની આપશ્રીને નમ્ર વિનંતી છે.

સહકારની અપેક્ષા સહ...
આભાર સહ...

લી.
(Deepak pandya
president

બિડાણ:- ઉપરોક્ત સંદર્ભમાં જણાવેલ પરિપત્ર ની નકલ.
નકલ રવાના:-
પ્રમુખશ્રી, ગુજમીન ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ.

# ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કમિશનરશ્રીની કચેરી

બ્લોક નં.૧, ૭મો માળ, ઉદ્યોગ ભવન

સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨ ૦૧૦

Website: https://cgm.gujarat.gov.in  Email: ad-dev-cgm@gujarat.gov.in


નં.સીજીએમ/આઈટી/SBI-E-Pay/૨૦૨૦-૨૧/૧૮૭૨  તા.30/૧૨/૨૦૨૦

વંચાણ:

૧ The Mines and Mineral (Development and Regulation) Amendment Act, 2015

૨ ઉદ્યોગ અને ખાણ વિભાગના હુકમ ક્રમાંક: એમસીઆર/૧૦૨૦૧૭/૧૦૫૦/છ તા:૦૧૫/૦૭/૨૦૨૦

આમુખ

ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કચેરી, ગાંધીનગર ,ગુજરાત રાજ્ય દ્વારા આઇસીટીની એક પહેલ હેઠળ, વર્ષ 2012થી ઇંટીગ્રેટેડ લીઝ મેનેજમેન્ટ સિસ્ટમ(ILMS) લાગુ કરી છે.સદર પ્રવર્તમાન ILMS પોર્ટલનો ઉપયોગ ઇ-ચુકવણી, ઇ-રોયલ્ટી પાસ, ઇ-રીટર્ન, ઇ-ડિમાન્ડ રજિસ્ટર, ઓનલાઇન લીઝ / પરમિટ એપ્લિકેશન વગેરે માટેની સ્વયાલિત પ્રક્રિયાઓ ઉપરાંત લીઝ ધારકો, સ્ટોકિસ્ટ, જિલ્લા અધિકારીઓ, વે-બ્રિજ માલિકો વગેરેને લગતી માહિતીની કામગીરીના હેતુ થાય છે.

પ્રવર્તમાન ILMS પોર્ટલ GMMCR 2010ને ધ્યાનમાં લઈને વિકસિત થયેલ છે. જો કે, ત્યારબાદ, મુખ્ય ખનિજો માટે બ્લોક અને ખાણકામની ફાળવણી માટે ભારત સરકાર દ્વારા MMDR(Amendment) Act 2015 અને સમાંતરે ગુજરાત સરકાર દ્વારા ગૌણ ખનિજ વિકાસ વહીવટ અને નિયંત્રણ માટે GMMCR 2017 અને GMPITS 2017 અમલમાં મુકેલ છે. આ કાયદાઓમાં થયેલ સુધારાઓને કારણે વહીવટી વ્યવસ્થામાં ઘણા ફેરફારો થયેલ છે. ઉપરાંત ઇ-ઓક્શન પદ્ધતિ, DMF, NMET, ઓટો એક્સટેન્શન વગેરે જેવી મહત્વની જોગવાઈઓ લાગુ કરવામાં આવેલ છે.

MMDR(Amendment) Act 2015 સંદર્ભમાં અત્રેની કચેરીએ રોયલ્ટીની વસુલાત ઉપરાંત ડીસ્ટ્રીક્ટ મીનરલ ફંડ (DMF) અને નેશનલ મીનરલ એક્સ્પ્લોરેશન ટ્રસ્ટ (NMET) ફંડની વસુલાત રહે છે. જેમાં DMFના હિસ્સા તરીકે વસુલવામાં આવતું ફંડ જિલ્લાવાર સંબંધિત DMFના બેંક ખાતામાં જમા કરવાનું રહે છે. જ્યારે NMET માટે વસુલ કરવામાં આવતું ફંડ રાજ્ય સરકારશ્રીના NMET બજેટ સદરે જમા કરવાનું રહે છે.

પ્રવર્તમાન ILMS પોર્ટલમાં વિવિધ પેમેન્ટ કલેક્શન હેતુસર સાયબર ટ્રેઝરી પોર્ટલ સાથે જોડાયેલ છે. જેમાં મહેસુલી આવકો જેવી કે રોયલ્ટી, ડેડ રેન્ટ, સરફેસ રેન્ટ, સિક્યોરિટી ડિપોઝીટ,ઓક્શન પ્રીમિયમ, ઓક્શન અપફ્રંટ પેમેન્ટ, પેનલ્ટી, અરજી ફી વગેરે સાયબર ટ્રેઝરી પોર્ટલ મારફતે ઓનલાઈન સ્વીકરવામાં આવે છે. સદર પેમેન્ટ કલેકશન સીસ્ટમમાં બીન-મહેસુલી આવકો જેવી કે, DMF, NMET, TCS, Auction Premium વગેરેને સાયબર' ટ્રેઝરી પોર્ટલ મારફતે સ્વીકારી, વર્ગીકરણ કરી સંબંધિત ખાતામાં જમા કરી શકાય તેમ નથી. આથી, અત્રેની કચેરી દ્વારા સાયબર ટ્રેઝરી પોર્ટલ મારફતે મહેસુલી અને બીન-મહેસુલી આવકો એકી સાથે જમા કરી શકાતી નથી. આથી આ સંબંધી સગવડ પુરી પાડી શકાય તેવા હેતુસર પ્રવર્તમાન ILMS પોર્ટલમા નવા બેન્કિંગ ગેટવે સાથે સમન્વય કરવું જરૂરી છે. સદર બાબતે અત્રેની કચેરીની દરખાસ્તને ધ્યાને રાખી ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા આમુખ-૨ સબબ "સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ઈ-પે પેમેન્ટ ગેટવે સર્વીસીઝ"નો ઉપયોગ કરવાની મંજૂરી મળેલ છે.

<u>પરિપત્ર</u>

આમુખમાં દર્શાવેલ તમામ હેતુઓ અને જરૂરિયાતને ધ્યાને લઈ, પુખ્ત વિચારણાને અંતે, કમિશનરશ્રી ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજની કચેરી દ્વારા, પ્રવર્તમાન ILMS પોર્ટલમાં આનુસંગીક સુધારા કર્યા બાદ SBI E-payનો સમન્વય કરવામાં આવેલ છે. જેથી તા:૦૧/૦૧/૨૦૨૧થી ILMS પોર્ટલમાંથી દરેક પ્રકારના પેમેન્ટ SBI E-Payના માધ્યમથી કરવાના રહેશે.

૧. બીનમહેસૂલી આવક : Royalty પેમેન્ટમાંથી લાગુ પડતી બિન-મહેસૂલી આવકો જેમકે DMF, NMET, TCS વગેરેનું સિસ્ટમ દ્વારા સ્વયં ગણતરી કરી તેની કપાત કરી જે તે ખાતા/સદરે જમા થશે. પરિપત્ર લાગુ થયાની પહેલાનાં બીન-મહેસૂલી આવકના કોઈ પેમેન્ટ બાકી હોય તેને ઓફલાઇન સેટલ કરવાના રહેશે.

૨ મહેસૂલી આવક : રોયલ્ટી, ડેડ રેન્ટ, સરફેસ રેન્ટ તેમજ અન્ય ચૂકવણા પણ ઓનલાઇન કરી શકાશે.

૩. ઓફલાઇન Virtual account: લીઝ હોલ્ડરો દ્વારા HDFC virtual account નો ઉપયોગ કરી કેશ અથવા જે તે બેંક મારફતે NEFT, RTGS દ્વારા કરવામાં આવતા નાણાંની ચૂકવણીની સગવડ તા:૩૧/૧૨/૨૦૨૦થી બંધ કરવામાં આવશે. ત્યારબાદ, જો કોઈ લીજ ધારક કોઈ પણ પ્રકારની ચૂકવણી ઓફલાઇન મોડ દ્વારા કરવા માંગે તો, તેમણે ILMS પોર્ટલમાં લૉગિન કરી, SBI E-payમાં જઈ લાગુ પડતાં પેમેન્ટ ટાઇપને સિલેક્ટ કરી ઓફલાઇન મોડ સ્વીકારી, સિસ્ટમ દ્વારા જનરેટ થયેલ ચલણ દ્વારા કોઈપણ બેંક મારફતે જમા કરી શકશે.

જે તે ખાતાધારકને ILMS પોર્ટલમાં તા:૩૧/૧૨/૨૦૨૦ની મધ્યરાત્રિએ જમા રાશીની ક્રેડિટ તા:૦૧/૦૧/૨૦૨૧ની સ્થિતિએ જમા મળશે. જ્યારે અગાઉના તા:૩૧/૦૧/૨૦૨૦ સુધીના NMET/TCS/DMFનો ઓફલાઇન હિસાબ જે તે જિલ્લાકક્ષાએ કરવાનો રહેશે. ત્યારબાદ તા:૦૧/૦૨/૨૦૨૧થી ILMS પોર્ટલમાં લાગુ પડતાં હેડ જેવાકે રોયલ્ટી,પ્રીમિયમ, DMF, NMET, TCS હેડમાં જરૂરી જથ્થા સામે ક્રેડિટ હોવી ફરજિયાત રહેશે. જે તે હેડમાં જરૂરી જથ્થાની ક્રેડિટ ના હોવાને કારણે રોયલ્ટી પાસ ઇસ્યુ થઈ શકશે નહીં.

આ સાથે ILMS પોર્ટલના SBI E-pay સાથે જોડાણની ટેકનીકલ/વહીવટી સૂચનાઓ સાથેની માર્ગદર્શિકા ઉપલબ્ધ થશે જે મુજબ પાલન કરવાનું રહેશે.

સદર બાબતે પરિપત્ર અમલમાં આવ્યાથી તમામ જિલ્લા ભુસ્તરશાસ્ત્રી/મદદનીશ ભુસ્તરશાસ્ત્રીઓએ SBI E-payની આ વ્યવસ્થા અંગે પોતાના જિલ્લાના તમામ લીઝ/સ્ટોક/વેબ્રીજ ધારકોને તાત્કાલિક ધોરણે જાણ કરી અમલ કરાવવાનો રહેશે.સદરહુ પરિપત્રની તા:૦૧/૦૧/૨૦૨૧થી ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે.

કમિશનર
ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ કચેરી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ રવાના:

1. કલેક્ટરશ્રી, જિલ્લા: તમામ
2. અધિક નિયામકશ્રી (વિકાસ/એક્સ્પ્લો/સંશોધન) વડી કચેરી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કચેરી, ગાંધીનગર
3. નાયબ નિયામકશ્રી (વહીવટ) વડી કચેરી ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કચેરી, ગાંધીનગર
4. ભુસ્તરશાસ્ત્રી/મદદનીશ ભુસ્તરશાસ્ત્રીશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કચેરી, જિલ્લા: તમામ તરફ જાણ તેમજ અમલવારી સારૂ
5. મદદનીશ નિયામક(આઇ.ટી.) વડી કચેરી, ગાંધીનગર

**ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરની કચેરી**
બ્લોક નંબર - ૧/૭, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
ફોન:૦૭૯-૨૩૨૫૩૯૫૭ ફેક્સ:૦૭૯-૨૩૨૫૩૯૫૭


નં.સીજીએમ/લીઝ/પોલીસી/૨૧૧/2976 તા. 4/10/16

પ્રતિ,
ભુસ્તરશાસ્ત્રી/મદદનીશ ભુસ્તરશાસ્ત્રી,
ભુસ્તરા વિજ્ઞાન અને ખનિજ ખાતુ,
જિલ્લો : ..................................

વિષય: મુખ્ય તથા ગૌણ ખનિજોમાં DMF ની રકમ જમા કરાવવા બાબત

ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માઇન્સ એન્ડ મિનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એમેન્ડમેન્ટ એક્ટ, ૨૦૧૫ ની કલમ કલમ ૯(બી), ૧૫(એ) અને ૧૫(૪) હેઠળ રાજ્ય સરકારશ્રી દ્વારા ગૌણ ખનિજો માટે તા.૦૧/૦૪/૨૦૧૬ થી "ગુજરાત ડીસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન નિયમો, ૨૦૧૬" પ્રસિધ્ધ કરેલ છે. તેમજ તા.૦૧/૦૪/૨૦૧૬ ના જાહેરનામાથી રાજ્યના ૩૨ જિલ્લામાં ડીસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન ટ્રસ્ટની સ્થાપના કરેલ છે.

કેન્દ્ર સરકારના મિનિસ્ટ્રી ઓફ માઇન્સના તા.૧૭/૦૯/૨૦૧૫ ના જાહેરનામાથી માઇન્સ એન્ડ મિનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એમેન્ડમેન્ટ એક્ટ, ૨૦૧૫ ની કલમ ૯ (બી) હેઠળ "ધ માઇન્સ એન્ડ મિનરલ્સ (કોન્ટ્રીબ્યુશન ટુ ડીસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન) રૂલ્સ, ૨૦૧૫" પ્રસિધ્ધ કરવામાં આવેલ છે (નકલ આ સાથે સામેલ છે.).

તા.૧૭/૦૯/૨૦૧૫ ના જાહેરનામાના અન્વયે રાજ્ય સરકારશ્રી દ્વારા તા.30/07/૧૬ ના પત્રથી પ્રાથમિક ધોરણે મુખ્ય ખનિજોમાં DMF તા.૦૧/૦૮/૨૦૧૬ થી જમા કરવા સૂચના આપવામાં આવેલ. ત્યાર બાદ તા.૧૯/૦૯/૨૦૧૬ ના રોજ સેક્રેટરીશ્રી (માઇન્સ), ખાણ મંત્રાલય દ્વારા DMF બાબતે યોજાયેલ વીડિયો કોન્ફરન્સમાં તેઓએ મુખ્ય ખનિજોમાં DMF તા.૧૭/૦૯/૨૦૧૫ ના જાહેરનામા મુજબ તા.૧૨/૦૧/૨૦૧૫ ની અસરથી જ વસુલાત કરવા સૂચના આપેલ. પરંતુ આ અંગે કોઇ પ્રતિકુળ પગલાં ન લેવા જણાવેલ. જે ધ્યાને લઇ સદર પત્રને રદ કરી સરકારશ્રી એ તા.૨૩/૦૯/૨૦૧૬ ના પત્રથી (નકલ આ સાથે સામેલ છે.) કેન્દ્ર સરકારશ્રીના તા.૧૭/૦૯/૨૦૧૫ ના જાહેરનામા મુજબ મુખ્ય ખનિજોમાં તા.૧૨/૦૧/૨૦૧૫ ની અસરથી DMF વસુલાત કરવા સૂચના આપેલ છે.

વધુમાં, માઇન્સ એન્ડ મિનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એમેન્ડમેન્ટ એક્ટ, ૨૦૧૫ ની કલમ કલમ ૯(બી) અને ૧૫(એ) હેઠળ રાજ્ય સરકારશ્રી દ્વારા તા.૨૬/૦૯/૨૦૧૬

ના જાહેરનામાથી "ગુજરાત ડીસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન નિયમો, ૨૦૧૬" માં સુધારો પ્રસિધ્ધ કરેલ છે (નકલ આ સાથે સામેલ છે.). આ સુધારા મુજબ ગૌણ ખનિજોમાં રોયલ્ટી ઉપરાંત રોયલ્ટીના ૧૦% રકમ DMF માં જમા કરવાની રહેશે જેની અમલવારી તા.૧૨/૦૧/૧૫ ની અસરથી કરવાની રહેશે.

આમ, ઉપરોક્ત વિગતોએ આપને સકારશ્રીના તા.૨૩/૦૯/૨૦૧૬ ના પત્ર તથા તા.૨૬/૦૯/૨૦૧૬ ના જાહેરનામા મુજબ મુખ્ય તેમજ ગૌણ ખનિજોમાં તા.૧૨/૦૧/૨૦૧૫ ની અસરથી DMF વસુલાત કરવાની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

( રૂપવંત સિંહ, IAS )
કમિશ્નર
ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

બિડાણ :
૧. કેન્દ્ર સરકારશ્રી, મિનિસ્ટ્રી ઓફ માઇન્સનું જાહેરનામુ, તા.૧૭/૦૯/૨૦૧૫
૨. રાજ્ય સરકારશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગનો પત્ર તા. ૨૩/૦૯/૨૦૧૬
૩. રાજ્ય સરકારશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગનું જાહેરનામુ, તા.૨૬/૦૯/૨૦૧૫

નકલ રવાના :
કલેક્ટરશ્રી, કલેક્ટર કચેરી, જિલ્લો : ..........................................

**NOTIFICATION**

Industries and Mines Department
Sachivalaya, Gandhinagar.
Dated the 26th Sept.,2016.

Mines and Minerals (Development and Regulation) Act, 1957.

No. GU/2016/84/DMF-102015-836–chh:- In exercise of the powers conferred by sections 9B and 15 A of the Mines and Minerals (Development and Regulation) Act, 1957 (67 of 1957), the Government of Gujarat hereby makes the following rules further to amend the Gujarat District Mineral Foundation Rules,2016, as follows, namely:-

1. (1) These rules may be called the Gujarat District Mineral Foundation (Amendment) Rules, 2016.

   (2) Rule 2 shall come into force on and from the 26th September,2016 and rule 3 shall be deemed to have come into force on and from the 12th January 2015.

2 In the Gujarat District Mineral Foundation Rules, 2016,(hereinafter referred to as "the said rules "), in rule 8, in sub-rule (2),-

(i) in Sr.No. 1, for the words "Minister of Mines and Mineral" the words "Chief Minister" shall be substituted;

(ii) after Sr.No. 2, the following shall be inserted, namely:-

| Sr.No. | Particulars of office of the member | Designation of Members in the State Level Coordination Committee |
|---|---|---|
| "2(A) | Minister of State (Mines and Minerals) | Member" |

3. In the said rules , in rule 21, after sub-rule (1), the following sub-rule shall be inserted, namely:-
"(1 A) The rate of contribution to be made by the holders of concessions related to minor minerals under clause (c) of sub-rule (1) shall be at the rate of ten percent of the royalty.".

By order and in the name of the Governor of Gujarat,

( P.D.Mehta )
Under Secretary to Government.

To,

- Personal Secretary to Honorable Governor, Rajbhavan, Gandhinagar(*By letter)
- Personal Secretary to Honorable Chief Minister, Office of Hon. Chief Minister, Swarnim-1, Sachivalay, Gandhinagar.
- Personal Secretary to Honorable Minister of State (Industries and Mines), Office of Hon. Minister of State, Swarnim-2, Sachivalay, Gandhinagar.
- Deputy Secretary to Chief Secretary, Chief Secretary's office, Sachivalay, Gandhinagar.
- Private Secretary to Additional Chief Secretary, Industries and Mines Department, Sachivalay, Gandhinagar.
- Commissioner, Office of the Geology and Mining Commissioner, Udyog Bhavan, Sector-11, Gandhinagar (with a request to forward this notification to all Geologists/Assistant Geologists under their control.)
- All the District Collectors, Gujarat.
- Managing Director, Gujarat Mineral Development Corporation, Vastrapur, Ahmedabad.
- Accountant General, Ahmedabad/Rajkot.
- Manager, Governmen Central Press, Gandhinagar, with a request to kindly publish the said notification and send 50 copies of the same to this department.
- Section Officer, Chh-1, Appeal, D-3, Industries and Mines Department, Sachivalay, Gandhinagar.
- Computer Cell, Industries and Mines Department, with a request to put this notification on website.
- Select file